# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

****************************************************

1. ભારત અને ઇઝરાયલે સાંસ્કૃતિક વિનિમય, ભૂ-ભૌતિક સંશોધન, મત્સ્યઉદ્યોગ, UPI અને AIના ઉપયોગથી શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં સમજૂતી કરાર કર્યા
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇઝરાયેલના રાષ્ટ્રપતિ આઇઝેક હાર્જો સાથે વાતચીત કરી.
3. પ્રધાનમંત્રી 28 મીએ અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલોજીના અદ્યતન ATMP પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.
4. ભારતના યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી - UIDAI અને ગુગલે ગુગલ મેપ્સ પર અધિકૃત આધાર કેન્દ્રો પ્રદર્શિત કરવા કરાર પર હસ્તાક્ષર કર્યા
5. આઈસીસી મેન્સ ટી-૨૦ ક્રિકેટ વિશ્વકપમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં મેચ રમાઇ રહી છે.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## INDIA-ISRAEL MOU

ભારત અને ઇઝરાયલે સાંસ્કૃતિક વિનિમય, ભૂ-ભૌતિક સંશોધન, મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર, UPI અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગથી શિક્ષણને પ્રોત્સાહન આપવા સહિત અનેક ક્ષેત્રોમાં સમજૂતી કરારનું આદાન-પ્રદાન કર્યું. આ સમજૂતી કરાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો પછી થયા છે.

એક પત્રકાર પરિષદમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત-ઇઝરાયેલ સંબંધો ઊંડા વિશ્વાસ, સહિયારા લોકશાહી મૂલ્યો અને ગહન માનવ સંવેદનશીલતાના મજબૂત પાયા પર આધારિત છે.

(BYTE - MODI---SPECIAL-STRATEGIC-PARTNERSHIP)

તેમણે નોંધ્યું કે નવ વર્ષ પહેલાં, તેમને ઇઝરાયલની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બનવાનું સૌભાગ્ય મળ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે ઇઝરાયલની ઐતિહાસિક ભૂમિ પર ફરી એકવાર પગ મૂકવો એ તેમના માટે ગર્વ અને ભાવનાત્મક ક્ષણ છે. તેમણે ઉમેર્યું કે આજે બંને પક્ષોએ એક મહત્વપૂર્ણ અને ઉભરતી ટેકનોલોજી ભાગીદારી સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

..2..

તેમણે માહિતી આપી કે ઇઝરાયલમાં UPI ના ઉપયોગ માટે એક કરાર થયો છે.

(BYTE - PM-ON-UPI)

શ્રી નેતન્યાહૂએ કહ્યું કે ઇઝરાયલ અને ભારત નવીનતા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે બંને રાષ્ટ્રો ભવ્ય પ્રાચીન સભ્યતાઓ છે અને તેમના ભૂતકાળ પર ખૂબ ગર્વ અનુભવે છે, પરંતુ ભવિષ્યને પોતાના હાથમાં લેવા માટે પણ સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. તેમણે કહ્યું કે બંને દેશો સાથે મળીને આ શ્રેષ્ઠ રીતે કરી શકે છે.

આ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ આજે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. બંને નેતાઓએ પરસ્પર હિત અને ભાગીદારીના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. શ્રી મોદીએ ઇઝરાયેલના રાષ્ટ્રપતિ આઇઝેક હાર્ઝો સાથે વાતચીત કરી અને રાષ્ટ્રપતિના બગીચામાં એક છોડ રોપ્યો. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇઝરાયલની બે દિવસીય મુલાકાતનો બીજો દિવસ છે.

. . . . . . . . . . . . . . . . . .

## FS BRIEFING ISRAEL

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇઝરાયલ મુલાકાતનો મુખ્ય હેતુ ટેકનોલોજી હતો, જેમાં કૃત્રિમ બુદ્ધિમતા, સાયબર સુરક્ષા, નવીનતા, સંશોધન અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમની મુલાકાતના સમાપન પર જેરુસલેમમાં પત્રકારો સાથે વાત કરતાં, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું કે શ્રી મોદી અને ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ વિજ્ઞાન અને ટેકનોલોજી પરના હાલના સંયુક્ત આયોગને મંત્રી સ્તર સુધી વધારવાનો નિર્ણય લીધો છે. જે મહત્વ પૂર્ણ સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીને બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ઇઝરાયલી સંસદના સર્વોચ્ચ સન્માન, નેસેટ મેડલ, સ્પીકર ઓફ ધ નેસેટ મેડલથી નવાજવામાં આવ્યા હતા. તેઓ આ પુરસ્કાર મેળવનારા પ્રથમ વિદેશી નેતા છે. ઉપરાંત આજે પ્રધાનમંત્રીએ જેરુસલેમમાં યાદ વાશેમની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે હોલોકોસ્ટ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી અને પ્રાર્થના સમારોહમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . .

## SANAND SEMI CONDUCTOR PM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ 28 તારીખે અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલૉજીના અદ્યતન ATMP એટલે કે, ઍસેમ્બલિ, ટૅસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. સાણંદમાં માઇક્રોન સેમિ-**

**કન્ડક્ટર ટૅક્નોલૉજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા 22 હજાર 516 કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે. રાજ્યમાં માઇક્રોનની ATMP સુવિધા શરૂ થવાથી દેશમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાન્તિનો શુભારંભ થશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...**

**(VOICECAST: પ્રવેશ અડિએચા )**

***(.... સાણંદમાં માઇક્રોનના પ્લાન્ટમાં ATMP સુવિધા છે, જેમાં SSD એટલે કે, સૉલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારના સ્ટૉરેજ માટેનું આધુનિક ઉપકરણ અને રૅમ પ્રકારના DRAM અને NAND ઉત્પાદન તૈયાર કરાશે. આ માટે સાણંદ પ્લાન્ટમાં હાલ બે હજાર લોકો કામ કરી રહ્યા છે અને આગામી સમયમાં પાંચ હજાર લોકોને રોજગારીની તક ઉપલબ્ધ થશે. માઇક્રોનની ટીમના જણાવ્યા મુજબ, આ મેગા સેમિ-કન્ડક્ટર પ્લાન્ટ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા ટૅક્નોલૉજીના ભવિષ્યને સશક્ત બનાવશે.***

***પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર અમદાવાદ.)***

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## SABARMATI SHILP SAMAGAM MELO

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉક્ટર વિરેન્દ્ર કુમારે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શિલ્પ સમાગમ્ મેળાનો પ્રારંભ કરાવ્યો. તેમણે આ મેળાને માત્ર ઉત્પાદનોનું પ્રદર્શન નહીં, પણ આત્મનિર્ભરતા, સન્માન અને સામાજિક સશક્તિકરણનો ઉત્સવ ગણાવ્યો. તેમણે કહ્યું, આ મેળો દેશના લક્ષિત વર્ગોને આર્થિક રીતે સશક્ત બનાવવા અને તેમને સમાજની મુખ્યધારા સાથે જોડવાની દિશામાં મંત્રાલયની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

**(BYTE: DR. VIRENDRA KUMAR, UNION MINISTER)**

ઉલ્લેખનીય છે કે, આગામી ચાર માર્ચ સુધી યોજાનારા આ મેળામાં 14 રાજ્યના કારીકરોએ 75 સ્ટૉલ ફાળવવામાં આવ્યા છે.

----------

## UIDAI-GOOGLE

ભારતના યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી - UIDAI અને ગુગલે ગુગલ મેપ્સ પર અધિકૃત આધાર કેન્દ્રો પ્રદર્શિત કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલું દેશના લોકો માટે સરળ અને અનુકૂળ ઍક્સેસને સરળ બનાવશે.

UIDAIના મુખ્ય કાર્યકારી અધિકારી ભુવનેશ કુમારે જણાવ્યું હતું કે આ સહયોગ આધાર નંબર ધારકો માટે જીવન સરળ બનાવશે, જેનાથી અધિકૃત આધાર કેન્દ્રો સુધી પહોંચવું ઝડપી અને વધુ પારદર્શક બનશે. આ સુવિધા આગામી મહિનાઓમાં ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . .

## INDIA - KARNATAKA ALL INDIA RADIO TRANSMITTER

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને કર્ણાટકના શિવમોગામાં ઓલ ઈન્ડિયા રેડિયોના 10 કિલોવોલ્ટ ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન કર્યું. તેમણે તેને કર્ણાટકમાં જાહેર પ્રસારણને મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું.

શ્રી મુરુગને કહ્યું કે આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવાના દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. તેમણે આશા વ્યક્ત કરી કે નવું ટ્રાન્સમીટર શિવમોગા અને ભદ્રાવતીના લોકોને કલ્યાણકારી માહિતી, શૈક્ષણિક સામગ્રી અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વ્યાપક પહોંચ પ્રદાન કરશે.

. . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH - BIHAR

ગૃહમંત્રી અમિત શાહ આજે બિહારના ત્રણ દિવસના પ્રવાસે છે. અરરિયામાં એક રેલીને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકાર ભારતીય ભૂમિ પરથી દરેક ઘુસણખોરને બહાર કાઢવા માટે પ્રતિબદ્ધ છે.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ઘુસણખોરી એ માત્ર મતદાર યાદીમાંથી નામ દૂર કરવા સુધી સીમીત નહિં રહે, પરંતુ દેશમાંથી ગેરકાયદેસર સ્થળાંતરને દૂર કરવા માટે એક વ્યાપક અભિયાનનો સમાવેશ થશે. શ્રી શાહે જણાવ્યું હતું કે સીમાંચલ ક્ષેત્રમાં ટૂંક સમયમાં એક લક્ષિત પહેલ શરૂ કરવામાં આવશે. શ્રી શાહ બાંગ્લાદેશ અને નેપાળની સરહદે આવેલા કિશનગંજ, પૂર્ણિયા અને કટિહાર જિલ્લાઓની પણ મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . . . .

## UPDATE CRICKET T20 WORLD CUP-2

આઈસીસી મેન્સ ટી-૨૦ ક્રિકેટ વિશ્વકપમાં, ભારત અને ઝિમ્બામ્બે વચ્ચે  આજે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં મેચ રમાઇ રહી છે. ઝિમ્બામ્બેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા મળતા અહેવાલો પ્રમાણે ભારતે 10 ઓવરમાં 2 વિકેટે 125 રન કર્યા છે.

અન્ય એક મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઇ હતી. જેમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝને નવ વિકેટથી હરાવ્યું.

. . . . . . . . . . . . . . . . . .

## BJP-CONGRESS

ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે સોશિયલ મીડિયા પર ફરતા કેટલાક વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે તેમને કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓ તરફથી ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ વિરુદ્ધ સામગ્રી તૈયાર કરવા માટે સંદેશા મળ્યા છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, શ્રી પાત્રાએ કહ્યું કે આ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે તેમને 25 હજારથી લઈને દોઢ લાખ રૂપિયા સુધીની કોઈપણ વસ્તુની ઓફર કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## CBI-AMBANI

કેન્દ્રીય તપાસ બ્યુરો - CBIએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ કોમ્યુનિકેશન્સ વિરુદ્ધ બેંક ઓફ બરોડા સાથે છેતરપિંડી કરવા અને 2 હજાર 220 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન પહોંચાડવા બદલ નવો કેસ નોંધ્યો છે.

કાવતરું, છેતરપિંડી અને ગુનાહિત ગેરવર્તણૂંકના ગુનાઓ માટે બેંક ઓફ બરોડાની ફરિયાદના આધારે CBI દ્વારા નોંધાયેલો આ બીજો કેસ છે. FIR માં આરોપ મૂકવામાં આવ્યો છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ દ્વારા લેવામાં આવેલી લોનને કારણે બેંક ઓફ બરોડાને નુકસાન થયું છે. આ ભંડોળનો કથિત રીતે સંબંધિત પક્ષો સાથે છેતરપિંડીભર્યા વ્યવહારો દ્વારા દુરુપયોગ કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .